સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૪ | ૨૫ નવેમ્બર, ૨૦૨૦, બુધવાર; કારતક સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યો સંક્રમણ રોકવા પર ધ્યાન આપે

## દેશમાં વેક્સિન ક્યારે આવશે તે સરકાર નહીં વૈજ્ઞાનિકો જ નક્કી કરી શકશે : મોદી




**વડાપ્રધાનની વેક્સિન અંગેની વિગતવાર માહિતી આપતા રાજ્યોને તેના પર બેસી રહેવાને બદલે મહામારીના સામના માટે યોગ્ય પગલાં લેવા સલાહ : વડાપ્રધાન મોદીએ આઠ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી ● દેશમાં વેક્સિન ક્યારે આવશે તે સરકાર નહીં વૈજ્ઞાનિકો જ નક્કી કરી શકશે ● દેશમાં કોરોનાનો ચોથો તબક્કો ● આ સ્થિતિ લાંબી ચાલશે ● લોકો માનવા લાગ્યા છે કે કોરોના નબળો પડ્યો પરંતુ આ સમયે બેદરકારી ન દાખવો ● વેક્સિન અંગે કેટલાક લોકો રાજનીતિ કરી રહ્યા છે, પરંતુ કોઈને રાજનીતિ કરતા રોકી ન શકાય ● રેપિડની સાથે RT-PCR ટેસ્ટ વધારવા જરૂરી ● બેઠકમાં દિલ્હી, ગુજરાત, કેરળ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને રાજસ્થાનના મુખ્યમંત્રી સામેલ હતા ● કોરોના અંગે હમારી કસ્તી વહાં ડૂબી જહાં પાની કમ થા' તેવી સ્થિતિ નહીં આવવા દઇએ : વડાપ્રદાન નરેન્દ્ર મોદી**

નવી દિલ્હી, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસની દેશમાં સ્થિતિને લઈને તમામ મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી છે. તેમણે વેક્સિનને લઈને રાજ્યોને કેન્દ્ર સરકારની તૈયારી વિશેની માહિતી આપી છે અને કહ્યું છે કે માત્ર વેક્સિનના વિશ્વાસ પર બેસી ના રહેશો. તેમણે કહ્યું કે વેક્સિન ક્યારે આવશે, એ વૈજ્ઞાનિકોના હાથમાં છે. તેમણે એમ પણ કહ્યું કે હાલ રાજ્ય સંક્રમણ રોકવા પર ધ્યાન કેન્દ્રીત કરે. તેમણે કોરોના વેક્સિનને લઈને કહ્યું કે સરકારે વિસ્તૃત યોજના બનાવી છે. વડાપ્રધાને એ પણ સમજાવ્યું કે કઈ રીતે દેશવાસીઓને રસી આપવામાં આવશે.

વડાપ્રધાન મોદીએ સ્પષ્ટતા કરી છે કે કોરોના રસી અભિયાન લાંબું ચાલવાનું છે. તેમણે કહ્યું કે કોરોના વેક્સિન માટે ભારતનું અભિયાન દરેક નાગરિક માટે એક પ્રકારની રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાની જેમ છે. એટલું જ નહીં રસીકરણ અભિયાન સરળ હોય, તબક્કાવાર હોય અને એક સરખું ચાલે તેના માટે આપણે એક થઈને એક ટીમ તરીકે કામ કરવાનું છે. તેમણે જણાવ્યું કે કઈ વેક્સિન કેટલી કિંમતની આવશે તે હજુ સુધી નક્કી નથી થયું. ભારતીય મૂળની બે વેક્સિન મેદાનમાં આગળ છે પરંતુ બહારના લોકો સાથે મળીને આપણા લોકો કામ કરી રહ્યા છે. દુનિયામાં પણ જે વેક્સિન બની રહી છે, તેઓ પણ ઉત્પાદન માટે ભારતીય કંપનીઓ સાથે વાત કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

### ટીવી અભિનેતા આશિષ રોયનું નિધન

મુંબઈ, તા. ૨૪

ટીવી ઈન્ડસ્ટ્રીના અભિનેતા આશિષ રોયનું આજે નિધન થયું છે. સસુરાલ સિમર કા, બનેગી અપની બાત, બ્યોમકેશ બખ્શી, યસ બોસ, બા બહુ ઔર બેબી, કુછ રંગ પ્યાર કે એસે ભી જેવા અનેક ટીવી શોમાં કામ કરનાર આશિષ રોય ઘણા લાંબા સમયથી બીમાર હતા. ૫૫ વર્ષીય આશિષ રોયની બન્ને કિડની ફેલ થઈ ગઈ હતી.

## ભારત કોરોના રસીની ખૂબ નજીક પહોંચી ગયું છે

**ઓક્સફર્ડની વેક્સિન ભારતને ૨૦૨૦ના અંત સુધી મળશે : હવે ફક્ત ઇમરજન્સી એપ્રુવલ માટે રાહ જોવાઈ રહી છે, સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા ઇમરજન્સી એપ્રુવલના પ્રયાસોમાં લાગી ગયું છે**

મુંબઈ, તા.૨૪

ભારતમાં તહેવારો બાદ કોરોના કેસોમાં ઝડપથી વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે બીજી તરફ દરેકની નજર કોરોના મહામારીને રોકવા માટે તૈયાર થયેલી વેક્સીન્સ પર છે. એસ્ટ્રાઝેનેકા-ઓક્સફર્ડની કોરોના રસી રોગચાળાને રોકવામાં ૭૦ ટકા સુધી અસરકારક હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ રસીને ઈમરજન્સી એપ્રુવલ માટેની તૈયારી શરૂ કરી દીધી છે. અપેક્ષા છે કે ઈમરજન્સી એપ્રુવલ આ વર્ષના અંત સુધીમાં મળી જશે. કોરોના વાયરસ વેક્સીનના સકારાત્મક પરિણામો સાથે જ ભારતમાં અપેક્ષાઓ વધી છે. હકીકતમાં, ઈન્ડિયન ડ્રગ રેગ્યુલેટર ડીસીજીઆઈ દ્વારા કોરોના વાયરસ રસી માટેનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે કોઈપણ રસી, જે ૫૦%થી વધુ અસરકારક છે તેને મંજૂરી આપી શકાય છે. આ કિસ્સામાં એસ્ટ્રાઝેનેકા રસી વધુ અસરકારક છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ

● અનુસંધાન પાન-૭ પર

### શેરબજારમાં તેજી

મુંબઈ, તા.૨૪

વિદેશી સંસ્થાગત રોકાણકારો તરફથી મોટાપાયે ખરીદી અને વૈશ્વિક બજારોમાંથી મળેલા તેજીના સંકેતને પગલે ભારતીય શેરબજારે આજે નવી વિક્રમજનક સપાટી નોંધાવી હતી. બીએસઈ સેન્સેક્સ ૪૪૫.૮૭ પોઈન્ટ વધી ૪૪,૫૦૦ની સપાટી અને નિફ્ટીએ ૧૨૮ પોઈન્ટના ઉછાળા સાથે ૧૩,૦૦૦ની સપાટી કૂદાવી દીધી હતી.

## મહારાષ્ટ્રમાં હવે ટૂંક સમયમાં જ ભાજપની સરકાર રચવાનો દાવો

**મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એક વખત હલચલ**

મુંબઈ, તા. ૨૪

મહારાષ્ટ્રના રાજકારણમાં એક વખત ફરીથી હલચલ તેજ થતી દેખાય રહી છે. કેન્દ્રીય મંત્રી રાવસાહેબ દાનવે પાટિલએ દાવો કર્યો કે રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ટૂંક સમયમાં જ બની શકે છે. હવે તેના પર પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની પ્રતિક્રિયા આવી છે, તેમણે કહ્યું કે આ વખતે શપથગ્રહણ સમારંભ યોગ્ય સમય પર થશે, સવારના સમયે થશે નહીં.

સોમવારના રોજ જ્યારે દેવેન્દ્ર ફડણવીસને મીડિયાએ ભાજપની સરકાર બનવાના દાવા પર પ્રશ્ન કર્યો તો તેમણે કહ્યું કે જ્યારે રાજ્યમાં મહારાષ્ટ્ર વિકાસ અઘાડીની સરકાર તૂટશે ત્યારબાદ યોગ્ય સમય પર શપથ ગ્રહણ સમારંભ થશે. આ વખતે સવારના સમયે શપથ લેવાશે નહીં, પરંતુ આવા વાક્યોને યાદ કરવા જોઈએ નહીં. આપને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં વિધાન પરિષદ માટેના ચૂંટણી પ્રચાર દરમિયાન કેન્દ્રીય મંત્રી રાવસાહેબ દાનવેએ કાર્યકરોને કહ્યું હતું કે તમે એ ના સમજતા કે રાજ્યમાં ભાજપની સરકાર બનશે જ નહીં, તમને સ્પષ્ટપણે કહું છું કે આવતા બે-ત્રણ મહિનામાં મહારાષ્ટ્રમાં આપણી સરકાર રચાવા જઈ રહી છે અને તમે લોકો આને યાદ રાખજો.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ૨૩ નવેમ્બરના રોજ ભાજપે મહારાષ્ટ્રમાં સરકાર બનાવી હતી, જે ફક્ત ૮૦ કલાક જ ટકી હતી. દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારે વહેલી સવારે રાજભવનમાં શપથ લીધા હતા, પરંતુ તેમને

● અનુસંધાન પાન-૭ પર

## ભારતની ફરી ડિજિટલ સ્ટ્રાઈક : વધુ ૪૩ ચીનની મોબાઈલ એપ્લિકેશન પર પ્રતિબંધ

**અત્યાર સુધી સરકારે ચીનની ૨૨૦ મોબાઇલ એપ.પર પ્રતિબંધિત કરી : અલીબાબા, કેમકાર્ડ અને કાર્ડરીડરનો સમાવેશ : એપ્લિકેશન પર ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટના સેક્શન ૬૯-એ હેઠળ કરવામાં આવી કાર્યવાહી**

ન્યુ દિલ્હી, તા.૨૪

કેન્દ્રની મોદી સરકારે વધુ એક ડિજિટલ સ્ટ્રાઈક કરતાં એપ્લિકેશન પર સપાટો બોલાવી દીધો છે. આ વખતે મોદી સરકારે વધુ ૪૩ એપ પર બેન મુકી દીધો છે. આ એપ્લિકેશનમાં અલી બાબા એક્સપ્રેસ, અલી એક્સપ્રેસ, લાલામુવ ઈન્ડિયા (ડિલિવરી એપ), સ્નેક વીડિયો સહિતની ૪૩ એપ પર પ્રતિબંધ મુકી દીધો છે.




.સરકારને આ એપ્સને લઈને ફરિયાદ મળી હતી કે આ એપ્સ ભારતીય સુરક્ષા અને કાયદો વ્યવસ્થા માટે ખતરારૂપ સાબિત થઈ શકે છે. જે બાદ સરકારે આગમચેતીરૂપે આ ૪૩ એપ્સને બંધ કરી દીધી હતી.

કેન્દ્રની મોદી સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ ૬૯-એ હેઠળ આ તમામ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ લગાવ્યો છે. કેન્દ્રએ એપ બેનને લઈને જણાવ્યું છે કે, આ એપ એવી ગતિવિધિઓમાં સંડોવાયેલી છે, જેનાથી દેશની એકતા, અખંડિતતા, સુરક્ષા માટે ખતરો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ મોદી સરકારે ચાર વખત ચાઈનીઝ એપ્સ પર સપાટો બોલાવ્યો છે.

૧૫ જૂને ગલવાન ઘાટીમાં ભારત અને ચીની સેના વચ્ચે થયેલ હિંસક અથડામણ બાદ પહેલીવાર મોદી સરકારે ૨૯ જૂનના રોજ ૫૯ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. અને તે બાદ આ સિલસિલો ચાલુ જ રહ્યો છે. ૨૭ જુલાઈએ પણ ૪૭ એપ્સ, ૨ સપ્ટેમ્બરે ૧૧૮ પબજી સહિત ૧૧૮ એપ્સ પર બેન મુકી દીધો હતો. અને આજે હવે ફરીથી વધુ ૪૩ એપ્સ પર સરકારે પ્રતિબંધ લગાવી દીધો છે.

## બિડેનને સત્તા સોંપવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ તૈયાર થયા

**ફેડરલ એજન્સીને સત્તા હસ્તાંતરણ માટે આપી સુચના**



ન્યૂયોર્ક, તા.૨૪

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ છેવટે વ્હાઈટ હાઉસ છોડવાનો સંકેત આપ્યો છે. સોમવારના રોજ આગળના રાષ્ટ્રપતિ જો બાઈડેનના પ્રશાસન માટે રસ્તો બનાવનાર સરકારી એજન્સીએ કહ્યું કે તેઓ આખરે સત્તા સ્થાનાંતરણમાં લાદવામાં આવેલા પ્રતિબંધને દૂર કરી રહ્યા છે. ત્યારબાદ ટ્રમ્પે પણ સંકેત આપ્યા કે હવે જનરલ સર્વિસીસ એડમિનિસ્ટ્રેશને 'એ કરવું જોઈએ જે કરવાની જરૂર છે.'

જો કે આ જ ટ્વિટમાં તેમણે ફરી એકવાર કહ્યું કે તેઓ હાર માનવાનો ઈક્નાર કરી રહ્યા છે. તેમણે કહ્યું કે 'અમારો કેસ મજબૂતીથી ચાલી રહ્યો છે. અમે લડત ચાલુ રાખીશું અને મને ખાતરી છે કે અમે જીતીશું.

જો કે રિપબ્લિકન પ્રશાસનના જીએસએને આગળની કાર્યવાહી કરવા અને બાઈડેન પ્રશાસનની સાથે કામ કરવાની મંજૂરી આપતા સ્પષ્ટ છે કે ટ્રમ્પને પણ આખરે અંત નજીક દેખાઈ રહ્યો છે. જો કે છેલ્લાં ત્રણ સપ્તાહથી તેઓ કોઈપણ પુરાવા વગર વારંવાર દાવો કરી રહ્યા છે કે તેમની પાસેથી આ ચૂંટણી 'ચોરવામાં આવી છે'.

હવે આનો અર્થ એ થયો કે બાઈડેનની ટીમને ફંડ, ઓફિસ સ્પેસ અને ફેડરલ અધિકારીઓને મળવાનો અધિકાર મળી જશે. બાઈડેનની ઓફિસ, જેને કલાકો

● અનુસંધાન પાન-૭ પર

## તમિલનાડુના કાંઠે ટકરાશે "નિવાર"

ચેન્નાઈ, તા.૨૪

તમિલનાડુ તરફથી ઝડપથી આગળ વધી રહેલુ વાવાઝોડુ ચેન્નાઈના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો છે.

રાજ્ય સરકાર દ્વારા છે. આ સાથે જ આગામી આદેશ સુધી ૭ જિલ્લાઓમાં બસ સર્વિસ પર રોક લગાવી દેવામાં આવી છે. જિલ્લાઓને આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની ચેતવણી બાદ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા



"નિવાર" ૨૫ નવેમ્બરે તટ પર ટકરાવવાની આશંકા છે. આ દરમિયાન ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. હાલ વાવાઝોડાના ખતરાને જોતા સમીક્ષા બેઠક કરવામાં આવી છે. જેમાં જિલ્લા વહીવટી તંત્રને તૈયાર રહેવાના આદેશ આપવામાં આવ્યા કેટલાક જિલ્લાઓમાં ટ્રેનો પણ મહદઅંશે રદ્દ કરી દેવામાં આવી છે. બીજી તરફ આંધ્ર પ્રદેશના મુખ્ય કાંઠા વિસ્તારોના મોટાભાગના છે. વાવાઝોડા "નિવાર"ની સ્થિતિને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુ અને પુડુચેરીના મુખ્યમંત્રીઓ સાથે વાત કરી છે. વડાપ્રધાન મોદીએ કેન્દ્ર તરફથી તમામ શક્ય મદદ કરવાનું આશ્વાસન આપ્યું છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા જણાવ્યા મુજબ, આગામી ૨૪ કલાકમાં વાવાઝોડું વધારે શક્તિશાળી બનવાની પૂરી શક્યતા છે. જે તમિલનાડુ અને પુડુચેરીના કાંઠે આવતીકાલે બપોરે કરઈકાલ અને મામલ્લાપુરમ વચ્ચે ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટકરાઈ શકે છે. જેની ગતિ વધીને ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પણ જઈ શકે છે.

વાવાઝોડાની અસરના પગલે તમિલનાડુ અને પુડુચેરીમાં ૨૬ નવેમ્બર સુધી ભારે વરસાદ વરસી શકે છે. જેના કારણે નાગપટ્ટમ જિલ્લામાં હાઈએલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે માછીમારોને ૨૬ નવેમ્બર સુધી દરિયો ના ખેડવાની સલાહ આપવામાં આવી છે.

બીજી તરફ વાવાઝોડાના સંકટને જોતા એનડીઆરએફની ૬ ટીમે કુડ્ડુલોરમાં અને બે ટીમો ચેન્નઈમાં તૈનાત કરવામાં આવી રહી છે. રાહત શિબિરોમાં પણ કોરોના પ્રોટેકોલનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. એનડીઆરએફના અધિકારીએ કહ્યું કે, વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કાર્ય માટે ૩૦ ટીમો તૈયાર કરવામાં આવી છે. જેમાંથી ૧૨ ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. જ્યારે ૧૮ ટીમોને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

**અનેક જિલ્લાઓમાં બસ અને ટ્રેનો રદ્દ કરવામાં આવી : રાહત અને બચાવ માટે એનડીઆરએફની ટીમો સજ્જ, ચેન્નાઇથી ચક્રવાતી સિસ્ટમ લગભગ ૨૫૦ કિલોમીટર દુર હશે**

**ટેલીફોનિક બેસણું**



**શ્રીમતી ભારતીબા વિક્રમસિંહ ખાચર**

મારા પત્નિશ્રી-માતૃશ્રી **સ્વ.ભારતીબાનું** ટુંકી માંદગીબાદ તા.૧૬-૧૧-૨૦૨૦ના રોજ અકાળે અવસાન થયેલ છે.પ્રભુ તેમના પવિત્ર આત્માને ચીર શાંતિ અર્પે તેવી પાર્થના.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ તા.૨૭-૧૧-૨૦૨૦ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે ટેલીફોનિક બેસણું રાખેલ છે.

**લી.**

**વિક્રમસિંહ એલ. ખાચર (પતિ), મો. ૯૮૨૫૪ ૫૮૮૦૮**
**ડૉ. નીશાદેવી વી. ખાચર (પુત્રી), મો. ૯૪૨૬૪ ૪૪૬૬૦**